Research Paper Commerce

# શ્રીમદ્ ભગવદ્ગીતા એક જીવન ઉપદેશ

પ્રો. અરવિંદસિંહ જે. ઠાકોર

(સંસ્કૃત વિભાગ) આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢા,

KEYWORDS

**પ્રસ્તાવના :**

સંસ્કૃત સાહિત્યમાં રામાયણ અને મહાભારત ધાર્મિક ગ્રંથો તરીકે ઓળખાય છે. રામાયણ એ કૌટુંબિક સ્નેહભાવનાના આદર્શોને વ્યક્ત કરે છે. જ્યારે મહાભારત કુટુંબનો કલહ કેવી રીતે સમગ્ર જીવનને મહાભારત કુટુંબનો કલહ કેવી રીતે સમગ્ર જીવનને પાયમાલ કરી નાખે છે એ દર્શાવતું વાસ્તવિક ચિત્ર છે. જે પ્રત્યેક કુટુંબમાં આજે પણ જોવા મળે છે. ‘‘यतो धर्मस्ततो जयः ।’’ એ મહાભારતનું દર્શન છે. ધર્મથી જ અર્થ અને કામની પ્રાપ્તિ થાય છે. એ માટે મનુષ્યે ધર્મનું સેવન કરવું જોઈએ એમ મહર્ષિ વ્યાસ સ્પષ્ટપણે માને છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા હિન્દુધર્મ અને તત્ત્વજ્ઞાનનો એક લોકપ્રિય અને ઉત્તમ ગ્રંથ છે. તે મહાભારતનો જ એક ભાગ છે. ભીષ્મપર્વની અંદર આવતા ૨૫થી ૪૨ અધ્યાયો તે જ અઢાર અધ્યાયની ગીતા છે. શ્રીમદ્ ભગવદ્ગીતા અઢાર અધ્યાયોમાંના અત્યંત ગહન તત્ત્વજ્ઞાનને લઈને ગીતાને એક સ્વતંત્ર ધર્મગ્રંથ તરીકેની પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા મળી છે. કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર કૌરવો અને પાંડવોની સેનાઓ સામસામે આવીને ઊભેલી હતી યુદ્ધની શરૂઆત થવાની તૈયારી હતી ત્યારે અર્જુને પોતાના સગાંવહાલાં – ભાઈઓ, કાકાઓ, વડીલો, પિતામહ, ગુરુ, મામા પક્ષના તેમજ શ્વશુરપક્ષના વીર યુદ્ધાઓ વગેરેને જોઈને થયેલા વિષાદ્ને દૂર કરવા ભગવાન શ્રીકૃષ્ણે જે ઉપદેશ આપ્યો તે આજે શ્રીમદ્ ભગવદ્ગીતાને નામે પ્રસિદ્ધ છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાને એક સ્વતંત્ર ઉપનિષદની ગૌરવવંતી પદવી પ્રદાન કરવામાં આવી છે. એમના નામ પ્રમાણે બે શબ્દો છે. : "श्रीमद् भगवद्गीतासु उपनिषत्सु , श्रीमद् भगवद्गीता" । નામ આપવામાં આવ્યું. ગીત–શબ્દ "गै" ધાતુના પ્રમાણે એડડદ્રત્ડ એટલે ગાવામાં આવેલ. આપણી ગીતા ગાયેલી છે. માત્ર કથન નથી ઈન્દ્રિયોથી પકડેલા વિષયોને બુદ્ધિથી સમજાવીએ ત્યારે કથન થાય. બુદ્ધિએ વિવેક કરીને વાતને સમજી હોય અને એ રીતે વાણીથી રજૂ થાય છે. ગીતામાં આવતી વાત જીવનમાં અને જગતમાં પ્રર્વતતું પરમ અને ગહન સત્ય અવતરેલું છે. ગીતા કથન નથી પણ ગીત છે. સંગીત દ્વારા જે હૃદય સંતર્પણ થાય છે. તે ગીતાથી થાય છે કહેવાય છે કેગીતાના ગાનારા શ્રીકૃષ્ણ કે ગીતાને સાંભળનારા અર્જુન પણ હૃદયદૌર્બલ્યને દૂર કરનાર એ પ્રેરક ઉદ્બોધનને બીજા પ્રસંગે રજૂ કરી શકયા ન હતા. આમ ગીતા એ ‘ગીત’ છે.

આ ગ્રંથને ઉપનિષત્ કહ્યો છે. "उप + नि + सत्।' "‘પાસે નિશ્ચિતપણે બેસવું’’ ઉપરથી ઉપનિષત્ શબ્દ બન્યો છે. અહી એક ગુરુ અને એક શિષ્ય અથવા શ્રીકૃષ્ણ અને અર્જુન બે મિત્રો જે હૃદયમાં હૃદય મેળવીને રજૂ થયેલા છે. ""उपनिषत्" બીજા ઉપનિષદદો કરતા વિશિષ્ટ છે કારણ કે તે ગવાયેલું છે તે માત્ર ગીત નથી પણ "भगवद्गीता' – ભગવાનથી ગવાયેલું છે. આને પામવા આખું જગત મથી રહ્યું છે.

**શ્રીમદ્ ભગવદ્ગીતાનો મહિમા :**

‘શ્રીમદ્ ભગવદ્ગીતા’ ભારતીય તત્ત્વજ્ઞાનનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ છે. જે અત્યંત તેજસ્વી અને નિર્મળ હીરો છે. વૈદિક ધર્મના વિભિન્ન સમ્પ્રદાયોમાં વેદના સમાન આજથી લગભગ અઢી હજાર વર્ષોથી સર્વમાન્ય તેમજ પ્રમાણ સ્વરૂપ બન્યો છે. જેનું કારણ પણ ગ્રંથના મહત્ત્વ દ્વારા સમજાય છે. શ્રીમદ્ ભગવદ્ગીતા નો ઉદ્ભવ જ્યારે થયો તે સમયે અર્જુન યુદ્ધભૂમિમાં યુદ્ધ કરવા માટે તત્પર થાય છે ત્યારે સગા–સંબંધીઓને જોઈન યુદ્ધ કરવા માંગતો નથી ત્યારે શ્રીકૃષ્ણ તેમને કહે છે. યુદ્ધ ધર્મ માટે પ્રેરિત છે. આ વાર્તાલાપ જ્ઞાન–ભક્તિ અને કર્મનો માર્ગ છે. સ્વયં ઈશ્વર તેમજ મનુષ્ય વચ્ચેના સંવાદમાં કહેવાયું છે કે માનવી શ્રમ, જીવન અને કર્મ માટે વાણી દ્વારા અધ્યાત્મક સંદેશ આપે છે. જે આ સમય માટે આવશ્યક છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાના કુલ અઢાર અધ્યાય છે. તથા સાતસો (૭૦૦) લોકો છે. એમનો વર્ણ્ય વિષય અનુસાર પ્રથમ ૧ થી ૬ અધ્યાયોમાં નિષ્કામ કર્મયોગ દર્શાવેલો છે. વ્યક્તિએ કર્મ કરવા જોઈએ. ફરજ બજાવવી જોઈએ. તેનું ફળ તેના અધિકારમાં નથી. બીજા ૭ થી ૧૨ અધ્યાયોમાં જ્ઞાનયોગ અને ત્યાર પછી ૧૩ થ ૧૮ અધ્યાયોમાં ભક્તિયોગ દર્શાવેલ છે.

કર્મ, જ્ઞાન અને ભક્તિનો સમન્વય સાધવાથી માનવ મુક્ત બને છે. સ્થિતપ્રજ્ઞતા કેળવે છે. આસક્તિ છોડી નિ:સ્પૃહ રીતે કર્મો કરતા રહેવું એ કર્મયોગ છે. પોતાના વિવિધ કર્મો અંગે તથા ઈશ્વર અંગે જ્ઞાન મેળવાય તો કર્મોને ઈશ્વરાર્પિત કરી શકાય અને બંધન ન રહે એ જ્ઞાનયોગ છે. નિષ્કામભાવે કરેલા કર્મો બ્રહ્માર્પણ કરી ઈશ્વરમાં અનન્ય ભક્તિ રાખવી એ ભક્તિયોગ છે. કર્મ, જ્ઞાન અને ભક્તિને જીવનમાં સમન્વિત કરી લેવાય તો ત્રિગુણાતીત કે સ્થિતપ્રજ્ઞની અવસ્થા પ્રાપ્ત થાય છે.

ગીતાનો મુખ્ય ઉપદેશ છે. ‘‘નિ:સ્પૃહ ચિત્તે કર્મો કરો’’ મોક્ષ પ્રાપ્તિ અર્થે સંન્યાસ લેવાની આવશ્યકતા નથી પરંતુ મનુષ્યે સંસારમાં રહીને નિ:સ્પૃહ ચિત્તે કર્મો કરતા રહેવું જોઈએ. ગીતા કહે છે ‘‘योगः कर्मषु कौशलम् ।’’ અર્થાત્ કર્મોનું બંધન ન લાગે એરીતે કર્મો કરવાની કુશળથા તે યોગ છે. જ્ઞાન થતાં મનુષ્ય કર્મ બંધનથી મુક્ત થાય છે. અનન્યભાવથી ભજવું અને સ્વકર્મફલ ઈશ્વરને અર્પણ કરવા તે ભક્તિ છે. ભક્તિ વડે જ મોક્ષ પ્રાપ્તિ થાય છે. ભક્તિ તેમજ જ્ઞાન મોક્ષના દ્વાર ઉઘાડે છે. વિશ્વના તત્ત્વજ્ઞાન સંબંધી સાહિત્યમાં અત્યંત આગવું સ્થાન ધરાવતાં ગીતાનું ગૌરવગાન કરવામાં આવ્યું છે.

गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिः सृता ।। (महा. भीष्म. 43/1)

‘‘ગીતા સુગીતા કરવા યોગ્ય છે. એટલે કે ‘શ્રીમદ્ ભગવદ્ગીતા’ ને સારી રીતે વાંચીને અર્થ અને ભાવ સમેત અન્ત:કરણમાં ધારણ કરવી જોઈએ કે જે સ્વયં પદ્મનાભ ભગવાન શ્રીવિષ્ણુના મુખકમળમાંથી નીસરી છે. બીજા બધાં શાસ્ત્રોના વિસ્તારની શી જરૂર છે ? સ્વયં ભગવાને પણ આનું માહાત્મ્ય વર્ણવ્યું છે. (અ. ૧૮ ૬૮ થી ૭૧ સુધી) ‘શ્રીમદ્ ભગવદ્ગીતા’ વિકટ સંસારસાગરને તરી જવામાં નૌકારૂપ અને જીવનના ચરમ લક્ષ્ય મુક્તિને પ્રાપ્ત કરનાર સમર્થ સાધન છે.

**શ્રીમદ્ ભગવદ્ગીતાનાં દર્શનું વૈશિષ્ટ્ય :**

‘શ્રીમદ્ ભગવદ્ગીતા’માં બ્રહ્મા, જીવ, જગત,મુક્તિ વગેરેની વિશદ્ વ્યાખ્યા કરવામાં આવી છે. મુખ્યરૂપમાં પાંચતત્ત્વો પર વિચાર વ્યક્ત થયો છે. ઈશ્વર શું છે ? જીવિત પ્રાણી શું છે ? જે સમયાનુસાર કેવી રીતે નિયંત્રિત થાય છે ? જીવિત પ્રાણીઓનું કર્મ શું છે ? આમ તેમની મુખ્ય વિશેષતાઓ આ પ્રમાણે છે.

**૧. જ્ઞાનયોગ :**

અજ્ઞાનનો અંત કરવા માટે જ્ઞાન અનિવાર્ય છે. જ્ઞાનના બે પ્રકાર છે. તાર્કિક જ્ઞાન અને આધ્યાત્મિકજ્ઞાન તાર્કિકજ્ઞાનમાં વસ્તુઓનું બ્રહ્મસ્વરૂપની ચર્ચા કરવામાં આવે છે. આધ્યાત્મિક જ્ઞાન વસ્તુઓનું વાસ્તવિક સ્વરૂપની ચર્ચા કરે છે. જ્ઞાનથી કર્મોની અપવિત્રતાનો નાશ થયા છે. ભગવદ્ગીતામાં કહેવાયું છે કે ‘‘જે જ્ઞાતા છે તે હમારા સર્વભક્તોમાં શ્રેષ્ઠ છે.’’

**૨. ભક્તિમાર્ગ :**

ભક્તિ ‘જીડશ્ડઠ્ઠ’ ધાતુપરથી બન્યો છે. જેનો અર્થ ‘ભજવું’ ભગવાનના કોઈપણ વ્યક્ત સ્વરૂપને અનન્યભાવથી ભજવું અને સ્વકર્મ ફળ ઈશ્વરને અર્પણ કરવું તે ભક્તિ. ઈશ્વરના પ્રત્યે પ્રેમ સમર્પણ, ત્યાગ, તપશ્ચર્યાનો ભાવ રાખે છે. તેમના પ્રત્યે ઈશ્વર પ્રેમ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં કહ્યું છે કે ‘‘ભક્ત મારા પ્રેમનું પ્રતિક છે.’’ ભક્તિનો માર્ગ ગોળ સમાન છે. જેમનો આસ્વાદ માળનાર જ અનુભવ કરે છે ભક્તિથી પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે.

**૩. કર્મયોગ :**

ઉચિત કર્મથી વ્યક્તિનું જીવન શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે. ભગવદ્ગીતામાં નિષ્કામ ભાવે કર્મ કરવું એ જીવનનો સંદેશ કહ્યો છે. જડ, ચેતન સર્વ આપણા કર્મોમાં મગ્ન (રત) રહે છે. પરંતુ મનુષ્ય ‘પરિણામ’ માટે ઈચ્છા રાખે છે. નિષ્કામ કર્મમાં ફળની ઈચ્છા વગર કાર્ય કરવું એવો ઉપદેશ આપ્યો છે.

ભગવદ્ગીતામાં જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગનો અદ્ભુત સમન્વય પ્રસ્તુત કરવામાં આવ્યો છે. જ્ઞાનયોગ સર્વશ્રેષ્ઠ છે. કારણ કે જ્ઞાનયોગના દ્વારા જ વ્યક્તિ સચ્ચિદાનંદના દર્શન કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે. કર્મયોગનો અર્થ ભગવદ્ગીતામાં ‘કર્તવ્ય’ અથવા સામાજિક કર્તવ્યમાં જોવા મળે છે. ભગવદ્ગીતામાં કર્મયોગની સુંદર વ્યાખ્યા પ્રસ્તુત કરવામાં આવી છે. ‘‘નિષ્કામ કર્મયોગથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે.’’ ભક્તિમાર્ગને ભગવદ્ગીતામાં ઈશ્વરમાં શ્રદ્ધા રાખીને નિ:સ્વાર્થભાવે કર્મ કરીને વ્યક્તિ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**‘શ્રીમદ્ ભગવદ્ગીતા’માં ઉપદેશેલી જીવનકળા :**

‘શ્રીમદ્ ભગવદ્ગીતા’ એક રહસ્યમય ગ્રંથ છે. મનુષ્ય આજીવન નિરંતર અભ્યાસ

**કરતા રહેવા છતાંય એનો અંત આવતો નથી. ગીતા સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણના મુખારવિંદમાંથી નીસરેલી વાણી છે. ગીતા ભગવાનનો શ્વાસ છે. હૃદય છે અને ભગવાનની વાઙ્મયી મૂર્તિ છે. જેના હૃદયમાં વાણીમાં શરીરમાં તેમજ સર્વ ઈન્દ્રિયો આદિ ઊતરી ગઈ છે. મનુષ્ય ગીતાના દર્શન, સ્પર્શ, ભાષણ તથા ચિંતન કરવાથી પણ બીજા માણસો પરમ પવિત્ર બની જાય છે. ગીતાની તોલે સંસારમાં યજ્ઞ, તપ, તીર્થ, વ્રત, સંયમ કે ઉપવાસ વગેરે કશું જ નથી. ગીતા શાસ્ત્ર માટે મનુષ્યમાત્ર અધિકારી છે. માત્ર હૃદયમાં ભગવાન પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને ભક્તિભાવ હોવા જોઈએ. ભગવાન કૃષ્ણે કહ્યું છે કે સ્ત્રી, વૈશ્ય, શુદ્ર કે પાપયોનિમાં માણસો પણ મારા પરાયણ થઈને પરમ ગતિને પામે છે. (અ. ૯ લોક ૩૨) પોતપોતાનાં સ્વાભાવિક કર્મો વડે મારી પૂજા કરીને માણસો પરમ સિદ્ધિને પામે છે. (અ.૧૮ લોક ૪૬) આમ પરમાત્માની પ્રાપ્તિમાં સૌનો અધિકાર છે.**

**ગીતામાં અનેકવિધ ઉપાયો બતાવ્યા છે. કર્મ કરવાં પણ ફળની આશા રાખવી નહિ. નિષ્કામ ભાવે – અનાસક્તિથી કર્મો કરવા તેનો જ તાત્વિક અર્થ ''અહંકારનો ત્યાગ'' જો માણસ શુદ્ર અંહતામાંથી મુક્ત થઈ બ્રહ્મમાં – સર્વકાલિનમાં પોતાને લય કરે, પોતાનું નિર્વાણ કરે. સાચા અર્થમાં ગીતાએ મૃત્યુને નકાર્યુ નથી અને જીવનને પણ ન કાર્યુ નથી. ગીતામાં નારાયણરૂપ શ્રીકૃષ્ણ અને નર રૂપ અર્જુનનો જ સંવાદ ચાલે છે. ગીતામાં જીવન અને મૃત્યુનો, શાંતિ અને યુદ્ધનો શાશ્વત અને અશાશ્વતનો સંવાદ સંધાયો છે. ગ્રંથમાં સાંખ્ય અને યોગ કે કર્મ અને જ્ઞાન કે બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્ર પણ અલગ પડી શકે ? માણસની સંવાદ માટેની તાલાવેલી પૂર્ણ થાય છે. જીવન જીવવું છતાં તેમાં ફસાવું નહિ, કર્મ કરવા, હિંસક લાગે તેવા કાર્યો કરવા, બંધનમાં ન આવવું, પ્રવૃત્તિ અને નિવૃત્તિનો અનુભવ કરવો. આ બાબત ગીતાએ ઉપદેશેલી છે. ''ભગવદ્ગીતા ગાય સમાન છે. ભગવાન શ્રીકૃષ્ણ ગાયને દોહી રહ્યા છે અર્જુન વાછરડા જેવો છે. શુદ્ધ ભક્તો ભગવદ્ગીતામાં અમૃતમય દૂધનું પાન કરનારા છે.''**

**સંદર્ભ ગ્રંથો : –**


૧. વૈદિક સાહિત્યનો ઈતિહાસ – ડૉ. વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ

૨. ભારતીય સંસ્કૃતિ કા ઈતિહાસ – ડૉ. માનિકલાલ ગુપ્ત

૩. વૈદિક સંસ્કૃતિ ઔર સંસ્કૃત સાહિત્ય કા ઈતિહાસ – રામાનુજ તિવારી

૪. ભગવદ્ગીતા તેના મૂળ સ્વરૂપે – શ્રી શ્રીમદ્ એ.સી. ભક્તિ વેદાંત સ્વામી પ્રભુપાદ (આંતરરાષ્ટ્રીય કૃષ્ણ ભાવનામૃત સંઘ)

૫. શ્રીમદ્ ભગવદ્ગીતા – જય દલાલ ગોયન્દકા

૬. શ્રીમદ્ ભગવદ્ગીતા – સરસ્વતી પુસ્તક ભંડાર